# જિલ્લાની ૬ બેઠકોની પેટા ચૂંટણીમાં સરેરાશ ૬૦ ટકા મતદાન

## મતદારો ભયંકર બફારાથી અકળાયા : સવારે મતદાન મથકો ઉપર કતાર, બપોરે સુમસામ જેવી સ્થિતિ



સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૬ બેઠકોની પેટા ચૂંટણી માટે રવિવારે સવારથી મતદાન યોજાતા સવારે મતદાન મથકો ઉપર કતાર જોવા મળી પરંતુ બપોર બાદ મોટાભાગના મતદાન મથકો સુમસામ જોવા મળ્યા. ભયંકર બફારાથી મતદારો તથા મતદાન માટે મુકાયેલો સ્ટાફ વારંવાર વ્યાકુળ થતો જોવા મળ્યો. ૬ બેઠકોની પેટા ચૂંટણીમાં સાંજના ૪.૦૦ સુધીમાં સરેરાશ ૬૦ ટકા મતદાન નોંધાયુ છે.

ગત ફેબ્રુઆરી-૨૦૨૧માં યોજાયેલા સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના ચૂંટણી જંગમાં ભાજપનો ભગવો લહેરાયો છે. સમગ્ર જિલ્લામાં તમામ સ્થનિક સ્વરાજ્યની સંસ્થામાં ભાજપાનું શાસન હોય તેવું પ્રથમવાર જોવા મળ્યુ. પરંતુ ચૂંટાયેલા સભ્યોના અવસાનથી ખાલી પડેલી ૬ બેઠકોની પેટા ચૂંટણી આવાતં ભાજપા દ્વારા મૃત્યુ પામેલા સભ્યોના પરિવારમાં ટીકીટ આપી મેદાનમાં ઉતારતાં ભાજપા માટે પેટા ચૂંટણી જંગમાં ફતેહ મળવાની સંભાવના છે. કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષોના ઉમેદવારોના દેખાવ ઉપર સૌની નજર છે. નોંધાયેલા ૫૭,૬૦૦ મતદારોએ નાંદોલ જિલ્લા પંચાયત, પરબડા, ઘડકણ, ઉબસલ, હઠીપુરા તાલુકા પંચાયત અને મોડાસા નગરપાલિકા વોર્ડ નં. ૨ ની પેટા ચૂંટણીમાં મતદાન કર્યુ હતુ. જેમાં સરેરાશ ૬૦ ટકા મતદાન નોંધાયુ છે.



કેટલાક મતદાન મથકો બહાર ઉમેદવારોના ટેકેદારો વચ્ચે સામાન્ય ચકમકના દશ્યો જોવા મળ્યા. મતદાન પુરૂ થયા પછી ઈવીએમ તાલુકા મથકે સઘન સુરક્ષા સાથે લઈ જવામાં આવ્યા. મંગળવાર સવારે તાલુકા મથકે મતગણતરી થશે.

### અરવલ્લીની તમામ બેઠકો ભાજપા જીતશે : સંગઠન પ્રમુખ

અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલે જણાવ્યુ કે પેટા ચૂંટણીમાં મતદારોએ વિકાસની રાજનીતિ અપનાવી છે જેથી નાંદોજ જિલ્લા પંચાયત, ઉબસલ, હઠીપુરા તાલુકા પંચાયત અને મોડાસા પાલિકા વોર્ડ-૨ની પેટા ચૂંટણીમાં ભાજપાના ઉમેદવારો જંગી બહુમતીથી જીતશે. રાજ્યના વિકાસમાં હરહંમેશ રોળાં નાખતી કોંગ્રેસ પાસે ચૂંટણી લડવા-જીતવા કોઈ મુદ્દો ન હોવાનું જણાવ્યુ હતુ.

---

### ગૃહ વિભાગમાંથી ‘‘સફાઈ’’ અભિયાનના આદેશ !!

## સાબરકાંઠા-અરવલ્લી પોલીસના વહીવટદારોની સંપત્તિનું આકલન થશે..?? : વહીવટદારો-મળતીયાઓની ઉંઘ હરામ

બાયડ, તા. ૩

રાજ્યના નવા ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા પ્રજામાં પોલીસની સ્વચ્છ છબી ઉભી કરવાની પ્રથમ દિવસથી પ્રયાસ શરૂ થયા છે. અનેક જિલ્લામાં પોલીસના વહીવટદારોનો તોટો નથી ત્યારે ગૃહ વિભાગમાંથી ‘વહીવટદારો’ના સફાઈના આદેશ વછૂટ્યાની અને વહીવટદારોની સંપત્તિ કેટલી છે..!! તેનું આંકલન કરવાની ગરમાગરમ લોકચર્ચાથી સાબરકાંઠા-અરવલ્લીના વહીવટદાર-મળતીયાઓની ઉંઘ હરામ થઈ છે.

અરવલ્લી જિલ્લામાં ખુદ પોલીસ અધિકારીઓ પકડાયેલો દારૂ સંતાડી-ચોરી કરતા હોય તેમના ઉપર પ્રજા શું ભરોસો રાખે..!! બુટલેગરો પોલીસ અધિકારી કર્મચારીઓ ઉપર હુમલા કરે ત્યારે જ ગૃહ વિભાગે આ બાબતને યોગ્ય રીતે સમજી લેવાની જરૂર હતી. પરંતુ પાછલા ૩ વર્ષમાં આવું કશું થયુ નથી. નવા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ભુમીગત કાર્યકર પછી નેતા અને મંત્રી બન્યા છે એટલે પ્રમાણીક અધિકારી-તોડ કરનાર અધિકારીનો ભેદભાવ સમજવામાં વાર નહી લાગે. અરવલ્લી જિલ્લામાં શામળાજી-મોડાસા-મેઘરજ-બાયડ પોલીસ સ્ટેશનમાં સમયાંતરે ગોઠવાઈ જઈ દારૂના વાહનો પસાર કરવા સહીતના અન્ય કામોમાં મોટા વહીવટ કરનારા વહીવટદારોના દિવસો હવે ભરાઈ ગયા છે. ટુંકમાં જ પોલીસના વહીવટદારો ઉપર સર્જીકલ સ્ટ્રાઈક થવાની ગરમાગરમ ચર્ચા છે. જ્યારે જિલ્લાનું એલ.સી.બી. અને એસ.ઓ.જી. પણ ભ્રષ્ટાચારથી ખદબદતું નથીને..!! તેની ચકાસણી કરવાનો સમય પાકી ગયો છે. કેટલાક વહીવટદારોએ પોતાના ભળતા નામે બીજા કર્મચારીઓને શૂળીએ ચઢાવી શામળાજીના નાગધરા કુંડમાં સ્નાન કરી પાપ ધોવાના પ્રયત્ન કર્યા હશે... પરંતુ હવે લાગે છે સત્ય પરેશાન થાય..!! પરાજીત નહી..!! વહીવટદારોએ શામળાજી-હિંમતનગર, મોડાસા-શામળાજી હાઈવે ઉપર સોનાની લગડી જેવી કેટલી મિલ્કતો પોતાના-પરિવારના નામે તેમજ ભાણીયા-જમાઈના નામે ખરીદી તેની શોધ કરવી આસાન થઈ જશે. તપાસ કરવી જ હોય તો વહીવટદારોએ મોડાસા-ભિલોડા અને અમદાવાદની ઝવેરીઓના ત્યાંથી પાછલા ૨ વર્ષમાં કેટલુ સોનુ ખરીદ્યુ તેની વિગતો મેળવવામાં આવે તો પણ અનેક વહીવટદારો બીજા દિવસે આઈસીયુમાં સારવાર માટે ખસેડવા જેવી સ્થિતિ સામે આવી શકે છે.

### કોંગ્રેસના ગઢમાં મોટુ ગાબડુ

## પુંસરી જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્યએ ભાજપાનો ખેસ પહેર્યો

## કોંગ્રેસમાં વિધાનસભાની ચૂંટણીના એક વર્ષ અગાઉ ધમાસણ

બાયડ, તા. ૩

તલોદ તાલુકાના કઠવાડાના આંજણા પાટીદાર સમાજના આગેવાન, સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ અંબાલાલ દાનાભાઈ પટેલ (એ.ડી. પટેલ)એ કોંગ્રેસમાં સતત થતી અવગણનાના લીધે ગતરોજ રાજ્ય સરકારના મંત્રી ગજેન્દ્રસિંહ પરમારની હાજરીમાં કોંગ્રેસને રામ રામ કરી ભાજપાનો ખેસ પહેરી લેતાં પ્રાંતિજ વિધાનસભા મતક્ષેત્રમાં કોંગ્રેસના ગઢમાં મોટુ ગાબડુ પડ્યુ છે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી અગાઉ કોંગ્રેસમાં ધમાસણ મચી જવા પામી છે.



કોંગ્રેસમાં પ્રદેશ નેતાગીરીની અનિર્ણાયકતાના કારણે કોંગ્રેસના અનેક પ્રતિભાશાળી યુવાનો ભાજપામાં જોડાઈ રહ્યા છે. પુંસરી જિલ્લા પંચાયત બેઠકના પૂર્વ સદસ્ય અંબાલાલ પટેલને ગત વર્ષ જિલ્લા પંચાયતની સમિતિઓમાં અન્યાય થતાં રાજીનામાનો દોર શરૂ થયો.

પ્રદેશ નેતાગીરીએ મામલો થાળે પાડી ન્યાયની સાંત્વના આપી પરંતુ ત્યાર પછી કોંગ્રેસમાં તેમની સતત અવગણના થતા તેમના ટેકેદારોએ કોંગ્રેસ છોડી ભાજપામાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો. કોંગ્રેસ નેતાગીરીના અન્યાય પછી તેઓ ગતરોજ રોઝડ ખાતે મંત્રીના અભિવાદન કાર્યક્રમમાં તેમના અનેક સમર્થકો સાથે ભાજપાનો ખેસ ધારણ કરી લેતા કોંગ્રેસ છાવણીમાં સન્નાટો મચી ગયો છે.



**મોડાસા શહેરમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ મરામત અભિયાન શરૂ**

અરવલ્લી જીલ્લા માં મોડાસા તાલુકા માં વધુ પડતાં વરસાદ ને કારણે મોડાસા તાલુકા ના મોડાસા મેઢાસાન રાજેન્દ્ર નગર રોડ ઉપર વધારે પડતાં વરસાદ ના કારણે નુકસાન થયેલ છે તો માર્ગ મકાન વિભાગ દ્વારા તાબડતોડ ધોરણે ડામર કામ ચાલુ કરી વ્યાપક રીતે પૂર્ણ કરી દેવામાં આવેલ છે તેમજ ધનસુરા થી હરસોલ રોડ નું ડામર કામ પણ રિપેરીગ કરી પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

### ભાજપના નેતા-આગેવાનો સાથે ફોટા બતાવી લલચાવ્યા

## બાયડ તાલુકાના ખેડૂતો સાથે કરોડોની છેતરપીંડી

## ૧.૨૫ કરોડ સલવાઈ જતાં ખેડૂતો દેવાદાર

બાયડ, તા. ૩

બાયડ તાલુકાના રડોદરા અને રણેચી વિસ્તારના ૧૫ જેટલા ખેડૂતોને તમાકુ-પશુઆહારમાં રોકાણની લોભામણી લાલચ આપી મામા-ભાણીયાની જોડીએ ખેડૂતો સાથે રૂ. ૧.૨૫ કરોડની છેતરપીંડી આચર્યાની ફરીયાદમાં પોલીસે તપાસ પછી ફીડલું વાળી દેતાં ખેડૂતો દેવાદાર બની ગયા છે. છેતરપીંડી આચરનારાના ભાઈએ ભાજપાના નેતા, મંત્રીઓ, આગેવાનો સાથેના ફોટા બતાવી ખેડૂતોને લલચાવ્યાનું બહાર આવ્યું છે.

મળેલ વિગતો અનુસાર જેતપુર નજીકના જાક ગામના મનીષ પટેલ અને નિવૃત્ત બેંક અધિકારી તેના મામા વિઠ્ઠલભાઈ પટેલ વગેરેએ બાયડ તાલુકાના રડોદરા તથા રહોચી વિસ્તારના ખેડૂતો સાથે સંપર્ક કેળવી ખેડૂતોને તમાકુ તથા પશુઆહારમાં રોકાણ કરવાથી મળનારા ફાયદાથી આંજી નાખે તેવી વાતો કરી કરોડો રૂપિયાનું રોકાણ કરાવ્યુ હતુ જ્યારે છેતરપીંડી આચરતી મામા-ભાણીયાની ત્રિપુટીએ અમદાવાદમાં મોદી ફાઈડ કોન્સેપ્ટ કંપની બનાવી ખેડૂતોને બાટલામાં ઉતારવાનો અજીબ કિમીયો રચ્યો. ખેડૂતોએ રૂ. ૧.૭૫ કરોડનું રોકાણ કર્યુ પરંતુ તે પૈકી કેટલીક રકમ પરત આવી અને રૂ. ૧.૨૫ કરોડ બાયડ તાલુકાના ખેડૂતોને લેવાના નિકળતા હતા તે પૈકી કેટલાક બેંકના ચેક આપ્યા જે તબક્કાવાર પરત ફરતાં ખેડૂતોને છેતરાયા હોવાનું જણાતા તેની વતન તથા મનિષ પટેલના આણંદના નિવાસસ્થાને ખેડૂતો પૈસા લેવા પહોંચ્યા પણ મકાનને ખંભાતી તાળુ હોવાથી પરત આવ્યા હતા. બાયડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ પછી પોલીસે મામાને દબોચ્યો પણ ત્યારબાદ જામીન ઉપર મુક્ત થયો જ્યારે મનીષ પટેલનો ભાઈ કિરણ પટેલ પોતે ભાજપાના આગેવાનો, નેતાઓ અને અગાઉના ગૃહમંત્રી સાથે નિકટ હોવાનુ જણાવી ખેડૂતોને ધમકાવતો રહ્યો. પરંતુ હવે દેવાદાર બનેલા ખેડૂતોએ કૌભાંડી ભાઈઓ-મામા સામે ગુજરાતની નવી સરકારમાં ફરીથી રજૂઆત કરવાનો નિર્ણય કરી ખેડૂતોની પસીનાની રકમ પરત મળે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને રજૂઆત કરનાર હોવાનું જાણવા મળેલ છે.

**પોલીસ અધિકારીઓના નામે ખેડૂતોને ધમકી..!!**

બાયડ તાલુકાના ખેડૂતો સાથે રૂ. ૧.૨૫ કરોડની છેતરપીંડી આચરનાર મનીષ પટેલનો ભાઈ કિરણ પટેલ દ્વારા ખેડૂતોને પોલીસ અધિકારીઓના નામે અગાઉ ધમકી આપ્યાના કેટલાક ખેડૂતોએ આરોપ લગાવ્યો છે. ત્યારે રાજ્યના ગૃહમંત્રી આ મુદ્દે ન્યાયીક તપાસ કરાવી છેતરાયેલા ખેડૂતોને ન્યાય અપાવે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

## ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસેથી સી.એન.જી. રીક્ષામાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૦૩

ભિલોડાના હાર્દસમા ધોલવાણી ત્રણ પાસેથી પોલીસ દ્વારા વાહન ચેકીંગ દરમ્યાન સી.એન.જી રીક્ષામાંથી વિદેશી દારૂની કિ.રૂ.૧૫,૪૧૫ સહિત કુલ મુદ્દામાલ કિ.રૂ. ૧,૧૭,૯૧૫નો ઝડપાયો હતો. પોલીસે પ્રોહીબીશન એકટ્ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધવામાં પોલીસને સફળતા મળી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ એમ.જી.વસાવા સહિત પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી ના આધારે સી.એન.જી રીક્ષા આવતા પોલીસ ને થોડેક દૂર થી જોતા ચાર માણસો ભાગવા જતા પોલીસે બે ઈસમો નો પીછો કરીને ઝડપી લીધા હતા.

લલિત જીવનલાલ અસોડા, રહેવાસી. કાનપુર પાટીયા, તા.ખેરવાડા, જી.ઉદેપુર, રાજસ્થાન વાળાની પોલીસે પુછપરછ કરતા પાટીયા ઠેકા પર થી વિદેશી દારૂ ભરી આપનાર વિનોદ અસોડા રહેવાસી. પાટીયા, તા. ખેરવાડા, જી.ઉદેપુર રાજસ્થાન વાળો દારૂ ભરી આપતા પકડાયેલ ઈસમ તેમજ ભાગી જનાર જીતેન્દ્ર લક્ષ્મણ ભગોરા, રહેવાસી.પાટીયા, તા.ખેરવાડા, જી. ઉદેપુર અને લાલશંકર પાંડોર, રહેવાસી.જુવારવા વાળો સી.એન.જી રીક્ષા નંબર. ૨.ત્ન.૩૧.૮.૩૦૭૪ માં પર પ્રાંતીય વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની બોટલો નંગ-૩૨ કિં.રૂ. ૧૫, ૪૧૫ લઈ આવતા સી.એન.જી રીક્ષાની કિં.રૂ. ૧,૦૦, ૦૦૦ અને સાદો મોબાઈલ કિં.રૂ. ૫૦૦, બેંક ઓફ બરોડા નું એ.ટી.એમ કાડ, સિલ્વર કલરનો મોબાઈલ સેમસંગ કંપનીનો કિં.રૂ. ૨૦૦૦ કુલ મુદ્દામાલની કિં.રૂ. ૧,૧૭, ૯૧૫નો મુદ્દામાલ ઝડપી પોલીસે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજના અમીનપુર અંતિમ ધામમાંથી ચિંતાની ગ્રીલની ચોરી

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અમીનપુર ખાતે આવેલ સ્મશાન માંથી ચિંતાની લોખંડની ગ્રીલની ચોરી થઈ.

પ્રાંતિજના અમીનપુર ખાતે આવેલ અંતિમ ધામમાંથી કોઈ અજાણ્યો ચોર દ્વારા સ્મશાન ગૃહમા આવેલ ચિંતાની બે સગડી પૈકી એક સગડીની લોખંડની ગ્રીલની ચોરી કરી લઈ ગયો હતો તો ગામમા મરણ થતા ગામના લોકો સ્મશાન ગૃહમા મૃતકને લઈને આવતા સગડીની ગ્રીલની ચોરી અંગેની જાણ થઈ જોકે સ્મશાનમા અન્ય એક સગડી હોવાથી મૃતકને તેના ઉપર અગ્નિદાહ આપવામા આવ્યો હતો તો અમીનપુર અંતિમ ધામમાંથી ચિંતાની સગડીની લોખંડની ગ્રીલની ચોરી થતા ગ્રામજનો દ્વારા રોષ જોવા મલ્યો હતો.

## અરવલ્લીમાં ૩૦ સપ્ટેમ્બરથી ૧૯ ઓક્ટોબર સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું

### જીલ્લાના ખેડૂતપુત્રો દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચની સહાય માટે અરજી કરી શકશે

મોડાસા તા.૪

રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં ખેતી ખર્ચમાં ઘટાડો કરી વધુ ઉત્પાદન મેળવવા તથા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના વ્યાપ વધે તે હેતુથી દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુંટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચ પેટે રૂ. ૯૦૦/- પ્રતિ માસ (રૂ.૧૦,૮૦૦/-ની વાર્ષિક મર્યાદામાં) સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવી છે.

જેમાં આ યોજનાનો લાભ આઈડેન્ટિફિકેશન ટેગ સહિતની એક દેશી ગાય ધરાવતા તથા ખેડૂતે ધારણ કરેલ જમીન પૈકી ઓછામાં ઓછી એક એકર (૪૦ ગુંઠા) જમીનમાં છાણ, ગૌમૂત્રથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો મેળવી શકશે.

આ યોજના હેઠળ એક ખાતા (નમૂના નં-૮-અ મુજબ) દીઠ એક લાભાર્થીને સહાય મળવા પાત્ર થશે તથા અરજદાર ખેડૂતે પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલ હોવી જોઈએ.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના ખેડૂતપુત્રો માટે તારીખ ૩૦ ઓક્ટોબર થી ૧૯ ઓક્ટોબર ૨૦૨૧ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાયું છે. જેમાં ખેડૂતોએ અરજી કરવાની રહેશે.

તેમજ અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટ મેળવી તેની પર સહી/અંગૂઠો કરી જરૂરી સાધનિક કાગળો જેવા કે, ૮-અ ની નકલ, સંયુક્ત ખાતેદાર હોય તો અન્ય ખાતેદારનું સમંતીપત્રક, બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક સામેલ કરી ૭ દિવસમાં તાલુકાના જે તે સેજાના ગ્રામસેવક/બીટીએમ/એટીએમ/પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્માની કચેરીને રજૂ કરવાની રહેશે. એમ એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ.સો.લી દ્વારા ‘‘કોરોના વોરિયર્સ સન્માન સમારંભ’’ યોજાયો

આ વિશ્વવ્યાપી રોગચાળા સામે ના સંઘર્ષ માં પોતાના પરિવાર,સામાજીક જવાબદારી તથા અંગત હિતો કરતા પોતાની ફરજ ને પ્રાધાન્ય આપી માનવજાત ના આરોગ્યની સુરક્ષા અર્થે અવિરત કામગીરી કરનાર આપણા સૌના ગૌરવ સમા કોરોના વોરિયર્સ એવા ડો.જમીલ ખાનજી, ડો.યજ્ઞેશ નાયક, ડો.હાર્દિક સુથાર, ડો.રીઝવાન સાબલીયા, ડો.નઈમ કાઝી અને ડો.જીજ્ઞાબેન જયસ્વાલ ને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા તેમજ તેમની ઉત્કૃષ્ટ કામગીરી તથા સાહસપૂર્ણ સેવા ને બિરદાવવા માં આવ્યા હતા. આ કર્મયોગીઓ ના પ્રેરણાદાયી ભગીરથ પ્રયાસ અને પ્રશંસનીય કામગીરી ને કૃતજ્ઞતા પાઠવવા અતિથિ વિશેષ તરીકે ઈકબાલહુશેન ઈપ્રોલીયા, બાબુભાઈ ટાઢા, અબ્દુલ રહીમભાઈ ભાયલા અને નઈમભાઈ મેઘરેજી ઉપસ્થિત રહ્યા.ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ. સોસાયટીના ચેરમેન અબ્દુલરઝાક ટીંટોઈયા અને તેમના કારોબારી સભ્યો અને કર્મચારીઓનો કોરોના વોરિયર્સે આભાર વ્યક્ત કર્યો હતો

